# કહેવતો અને તેના અર્થ
www.shikshanjagat.in

1. ઊજળું એટલું દૂધ નહિ : બાહ્ય દેખાવાથી છેતરાવું નહિ

2. અણી ચુક્યો સો વરસ જીવે : એક વખત નિષ્ફળ કે આફતમાંથી ઉગરી જનાર સફળતાની પરંપરાનો લાભ મેળવે છે.

3. એક પંથ દો કાજ : એકજ વસ્તુથી ઘણા કામ થાય

4. એકડા વગરના મીંડા થવા : કિંમત વગરનું થવું

5. ઓળખાણ મોટી ખાણ છે : ઓળખાણ હમેશા લાભદાયી નીવડે છે

6. કામ કર્યા તેને કામણ કર્યા : કામ કરનાર સૌને પ્રિય લાગે

7. કાંકરે કાંકરે પાળ બંધાય : થોડું થોડું કરતા મોટું કામ પણ પાર પડે

8. કુમળું ઝાડ વાળીએ તેમ વળે : નાનપણમાં જેટલી સારી ટેવ પાડવી હોય તેટલી પડી શકાય.

9. કોલસાની દલાલીમાં હાથ કાળા : દુર્જન સાથે કામ પડવાથી કલંક લાગે

10. ખાડો ખોદે તે પડે : કોઈનું બુરું કરવા મથનાર પોતાનુજ ખરાબ થાય

11. ખાતર ઉપર દીવેલ : ખર્ચ ઉપર વધુ ખર્ચ

12. ગરજ સરી એટલે વૈદ વેરી : સ્વાર્થ પૂરો થતા સંબધ ન રાખનારી વ્યક્તિ

13. ઘરકી મુરગી દાલ બરાબર : ઘરની વ્યક્તિની કોઈ કદર થતી નથી

14. ચોરનો ભાઈ ઘંટી ચોર : બને સરખા

15. છાશ લેવા જવું ને દોણી સંતાડવી : જે કામ માટે જઈએ તેનો નિર્દેશ પણ ન કરવો, કામ કરવું અને તેની શરમ પણ રાખવી તે ઠીક નહિ

www.shikshanjagat.in

16. જાગ્યા ત્યાંથી સવાર : દોષ સમજાય કે તરત છોડવો

17. જેવી દષ્ટિ તેવી શૃષ્ટિ : જેવા પોતે હોય તેવાજ બીજા લાગે

18.ઝાઝા હાથ રળિયામણા : વધારે માણસો હોય તો કામ જલદી અને સારું થાય

19. ઝાઝી કીડીઓ સાપને તાણે : ઓછા બળવાન પણ વધારે માણસો વધુ બલાવનાને ફાવે

20. ટકે શેર ભાજી,ટકે શેર ખાજા : સારું નરસું સૌ સરખા

21. ડુંગર દુરથી રળિયામણા : દુરથી બધુજ સરખું દેખાય,પૂરો પરિચય ના થાય ત્યાં સુધી બધું સારું લાગે

22. ડૂબતો માણસ તરણું પકડે : હતાશ થયેલો માણસ ક્ષુલ્લકનો આધાર લે

૨૩. દોરડી બળે પણ વળ ના છોડે : પાયમાલ થઇ જાય તોય અકડાઈ ના છોડે

24. દુ:ખનું ઓસડ દહાડા : સમય પસાર થતા દુ:ખની માત્રા ઘટતી જાય

25. ધીરજના ફળ મીઠા : ધીરજ રાખવાથી અનેક લાભ થાય

26. ધોબીનો કુતરો ન ઘરનો ન ઘાટનો : બંને પક્ષને પ્રસન્ન રાખનાર નીષ્ફળ જાય છે.

27. નાચવું નહિ ત્યારે આગણું વાંકું : કામ ન કરવું હોય ત્યારે ખોટું બહાનું બતાવવું.

28. પહેલું સુખ તે જાતે નર્યા : તંદુરસ્તી એ પ્રથમ સુખ છે.

29. પાડાના વાંકે પખાલીને ડામ : એકને વાંકે બીજાને સજા

30. બળીયાના બે ભાગ : બળવાન માણસ બળના કારણે હમેશા વધુ લઇ જાય.

31. બાર ભૈયા અને તેર ચૌકા : જૂથ નાનું પણ મતભેદ ઘણા.

32. ભાવતું હતું ને વૈદે કહ્યું : પોતાને ગમતું હોય અને હિતકારી તેજ કરવાનું કહે.

Downloaded From www.shikshanjagat.in 